# ઓનલાઇન ટીચર ટ્રાન્સફર જિલ્લા આંતરિક કેમ્પ-૨૦૨૩માં અરજી કરતી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો

- જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી માટે ઓનલાઇન અરજી
  **Website:** [www.dpegujarat.in](www.dpegujarat.in) પરથી જ કરવાની રહેશે.
- સૌ પ્રથમ ઑનલાઇન જિલ્લા આંતરિક બદલીનું ફોર્મ ભરતા પહેલા બદલી પોર્ટલના હોમ પેઇજ પર મુકવામાં આવેલ શિક્ષણ વિભાગનો તા-૧૧/૫/૨૦૨૩નો ઠરાવ ઓનલાઇન બદલી અરજી કરતી વખતે ધ્યાને લેવાની સુચનાઓ, જિલ્લા/ નગર શિક્ષણ સમિતિની પ્રતિનિયુક્તિ સહિતની ખાલી જગ્યાઓની વિગતો અને ઓનલાઇન બદલી અરજી કરવાના સમય પત્રક નો ધ્યાનથી ફરજિયાત અભ્યાસ કરવાનો રહેશે.
- શિક્ષકશ્રીએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝ ફોટો અને સહીનો નુમનો **100 KB**, તેમજ જે તે અગ્રતા બદલી માટેનો આધાર અગાઉથી **300 KB JPG** માં સ્કેન કરી મોબાઇલ કે કોમ્પ્યુટરમાં સેવ કરવાનો રહેશે.
- ઓનલાઇન અરજી કરનાર શિક્ષકે પોતાની શાળાનો ડાયસકોડ, ડાયસ મુજબ શાળાનું નામ, પે સેન્ટર શાળાનો ડાયસકોડ, પે સેન્ટર શાળાના ડાયસ કોડ મુજબ નામ તેમજ શિક્ષકે પોતાનો પાનકાર્ડ નંબર અગાઉથી નોંધી લેવાનો રહેશે.
- અરજદાર શિક્ષકે ઓનલાઇન અરજી રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના નામના પાન કાર્ડ નંબરથી જ રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
- ઓનલાઇન પોર્ટલના હોમ પેઈજ પર જે તે જીલ્લાના તાલુકા મુજબ શાળા વાઈઝ પ્રતિનિયુક્તિ સહિતની કેટલી ખાલી જગ્યાઓ છે તેની યાદી મુકવામાં આવેલ છે જે ધ્યાને લઇ શાળા પસંદગી માટે ઓનલાઈન ફોર્મ ભરવું
- આ ઉપરાંત તમારા જિલ્લામાં વિભાગવાર અને વિષયવાર પ્રતિનિયુક્તિ સહિતની બતાવેલી ખાલી જગ્યાઓની પ્રિન્ટ પોર્ટલના હોમ પેજ પરથી અગાઉથી ડાઉનલોડ કરી લેવી અને ખાલી જગ્યા મુજબની જે શાળામાં બદલીની માંગણી કરવાની હોય તે શાળા અને તેના પે.સે.નું નામ અને ડાયસકોડ મેળવી લેવાના રહેશે.તેમાંથી તમારી પસંદગીની શાળાઓને અગાઉથી પસંદ કરી અગ્રતા ક્રમમાં ગોઠવી દેવી.
- ઓનલાઇન જિલ્લા આંતરિક કેમ્પમાં અરજી કરતાં સમયે સૌપ્રથમ તમારા પાનકાર્ડ, ઇમેઇલ આઇ.ડી., ટીચર્સ કોડ અને મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે ટીચર ટ્રાન્સફર પોર્ટલ પર નીચે દર્શાવેલ બટન પર કલીક કરવાનું રહેશે
- ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે અરજદારે પોતાન Click Here For New Candidate Registration ઇ આઇ.ડી., મોબાઇલ નંબર, પાનકાર્ડ નંબર લખવાનો રહેશે. તમે જે જિલ્લા/નગર માં ફરજ બજાવો છો તે જિલ્લો અથવા નગર શિક્ષણ સમિતિ પસંદ કરવાની રહેશે. તમને યાદ રહે તેવો પાસવર્ડ લખવાનો રહેશે. પાસવર્ડ કન્ફર્મ કરવાનો રહેશે અને કેપ્ચા કોડ લખવાનો રહેશે. રજીસ્ટર બટન પર કલીક કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- રજીસ્ટર બટન પર કલીક કરતાં તમારા મોબાઇલમાં ૬ અંકનો ઓ. ટી. પી .આવશે. સાચો ઓ. ટી. પી. એન્ટર કરી સબમીટ બટન પર કલીક કરતાં તમારું રજીસ્ટ્રેશન થઇ જશે.
- હવે અરજદારશ્રીએ હોમ પેજ પર Login With Your Credentials માં રજીસ્ટ્રેશન કરેલ ઇ-મેલ આઇ.ડી. અને પાસવર્ડથી લોગીન થવાનું રહેશે. કેપ્ચા કોડ એન્ટર કરી લોગીન બટન પર કલીક કરતાં લોગીન થઇ જશો.
- જો લોગીન ન થવાય તો હોમ પેજ પર સૌથી નીચે Forgot Password ? પર કલીક કરતાં તમારો મોબાઇલ નંબર લખતાં પાસર્વડ તમારા મોબાઇલમાં આવી જશે.
- લોગીન થતાંની સાથે જ ઓનલાઇન અરજી કરતાં સમયે રજીસ્ટ્રેશન સમયે એન્ટર કરેલ જે તે શિક્ષકની બેઝિક માહિતી ઓટોમેટિક આવી જશે.

- તમારા નામ સાથેનું પેજ ખુલી જશે. જેમાં તમારું પુરૂ નામ, મોબાઇલ નંબર અને ઇ-મેલ આઇ.ડી, પાનકાર્ડ નંબર આવી જશે. બાકીની માહિતી તમારે કાળજીપૂર્વક ચકાસી લેવાની રહેશે.
- સૌ પ્રથમ શાળાનો પ્રકાર પસંદ કરવાનો રહેશ. જેમાં પ્રાથમિક શાળા કે ઉચ્ચતર પ્રાથમિક શાળા બતાવશે, તેમાંથી તમારો સાચો પ્રકાર પસંદ કરવાનો રહેશે.
- ત્યારબાદ જો તમે પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ધો. ૧ થી ૫ પસંદ કરવાનું રહેશે અને જો તમે ઉચ્ચતર પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ભાષા કે ગણિત-વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન માંથી તમારો વિષય પસંદ કરવાનો રહેશે.
- જાતિ પુરૂષ કે સ્ત્રી પસંદ કરવાનું રહેશે.
- શૈક્ષણિક લાયકાતમાં તમારી શૈક્ષણિક લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- તાલીમી લાયકાતમાં તમારી તાલીમી લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- ત્યારબાદ તમારી જન્મ તારીખ પસંદ કરવાની રહેશે.
- માધ્યમ પસંદ કરવાનું રહેશે.
- ત્યારબાદ શિક્ષણ વિભાગના તા-૧૧/૫/૨૦૨૩ ઠરાવના પ્રકરણ –D ની જોગવાઇ -૯ (અ) અથવા (બ) મુજબ લાગુ પડ્તી મૂળ શાળાનો સાચો ડાયસકોડ એન્ટર કરવાથી શાળાનું નામ, પે સેન્ટર શાળાનું નામ, તાલુકો, જિલ્લો ઓટોમેટીક આવી જશે.
- જો આપ શિક્ષણ વિભાગના તાઃ- ૦૨/૦૬/૨૦૨૩ ના સુધારા ઠરાવ મુજબ મૂળ શાળા વધ પરતનો લાભ મેળવવા ઇચ્છતા હો તો,
    - આપના દ્વારા ઓનલાઇન ફોર્મમાં મૂળશાળા વધ પરતનો વિકલ્પ ડ્રોપડાઉન મેનુમાંથી પસંદ કરી ત્યારબાદ આપની મૂળ શાળાનો ડાયસ કોડ એન્ટર કરવાનો રહેશે.
    - ત્યારબાદ મૂળ શાળામાંથી વધ થયા બાદ વધ-ઘટ અને આંતરિક બદલી કેમ્પ સહિત કેટલા કેમ્પ થયેલ છે તેની સંખ્યા ડ્રોપડાઉન મેનુમાંથી પસંદ કરવાની રહેશે.
    - મૂળ શાળામાં નિમણૂક/બદલી થયા અંગેના હુકમની તારીખ દર્શાવવાની રહેશે.
    - છેલ્લે મૂળ શાળામાં વધ થયેલ હુકમની તારીખ દર્શાવવાની રહેશે.
- વધુમાં એક જ શાળામાં એક કરતાં વધુ શિક્ષક દ્વારા મૂળ શાળા વધ પરતનો લાભ મેળવવાનો વિકલ્પ પસંદ કરેલ હશે તો, તેવા કિસ્સામાં મૂળ શાળા વધ પરતનો લાભ સંબંધિત શિક્ષકની મૂળ શાળામાં નિમણૂક/બદલી થયા અંગેના હુકમની તારીખની સિનિયોરીટીના આધારે જ મળશે.

- **<u>ખાતામાં દાખલ તારીખ નીચે જણાવેલ લાગુ પડતી જોગવાઇ મુજબની લખવાની રહેશે.</u>**

  (૧)શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ-D વ્યાખ્યાઓના નિયમ (૧૦) મુજબ ખાતામાં દાખલ તારીખ ગણવામાં આવશે. ખાતામાં દાખલ તારીખ એટલે (અ) પ્રથમ નિમણૂંક આદેશ અન્વયે હાજર થયા તે તારીખને ખાતામાં દાખલ તારીખ ગણવી. (બ) પરંતુ જિલ્લા વિભાજન સિવાય બદલીથી જિલ્લાફેરથી આવેલ શિક્ષકના કિસ્સામાં માત્ર બદલી માટે પ્રવર્તતા(પ્રવરતા(સિનિયોરિટી) ગણવા જિલ્લાફેર માટે કરાયેલ બદલીના હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે.
- આંતરિક માંગણી બાદલી માટે મળવાપાત્ર પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ નીચે જણાવેલ ૧ થી ૭ કિસ્સા પૈકિ નીચે મુજબ આપના કિસ્સામાં લાગુ પડ્તી જોગવાઇનો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૧)(સી.આર.સી/બી.આર.સી/યુ.આર.સી કે અન્ય પ્રતિનિયુક્તિ શિક્ષક/ વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- K ની જોગવાઇ (૧)(અ) અને પ્રકરણ- H(અ) માં કરેલી જોગવાઇ ૬ અને ૭ નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૨)(ઉત્તરોતર વધ પડેલ શિક્ષક/ વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- K ની લાગુ પડ્તી જોગવાઇ (૧)(અ) નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૩)(આ ઠરાવ અગાઉ ઉચ્ચ પ્રાથમિકનો વિકલ્પ લીધેલ શિક્ષક/વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- G - ૨૦ ની જોગવાઇનો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૪)(શાળા એકીકૃત(મર્જ) અને બંધ થયેલ શાળાના શિક્ષક/ વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ-I ની જોગવાઇ -૪ નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૫)(જિલ્લા વિભાજન વિકલ્પ અનુસાર બદલી પામેલ શિક્ષક/ વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ-Q ની જોગવાઇ –૬ નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૬)(વહિવટી કારણોસરની બદલી થયેલ શિક્ષક/વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- P ની જોગવાઇ – ૫ નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ **(૭)(પ્રકરણ- D(૯)(બ)મુજબની)મૂળ શાળામાં હાલ ફરજ બજાવતા શિક્ષક/ વિદ્યાસહાયક માટે)** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- G ની જોગવાઇ – ૨૦ નો અભ્યાસ કરી પ્રવરતા(સિનિયોરિટી)ની તારીખ લખવાની રહેશે.

❖ ત્યારબાદ ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ લીધેલ છે તેમાં ભરતી સમયે સ્થળ પસંદગી કેમ્પમાં કે અગાઉ બદલી કેમ્પમાં લાભ લીધેલ હોય તો હા લખી બાજુમાં અગ્રતા / બદલીના પ્રકારમાં સિનીયોરીટી પસંદ કરવાનું રહેશે. જો ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ ના લીધેલ હોય તો બાજુમાં અગ્રતા/ બદલીના પ્રકારમાં (૧)વિધવા /વિધુર (૨)દિવ્યાંગતા (૩)પ્રાથમિક શિક્ષક દંપતિ (૪)સરકારી નોકરી કરતા દંપતિ (૫)શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક પતિ/પત્નિ (૬) વાલ્મિકી (૭) સિનીયોરીટી જે લાગુ પડતુ યોગ્ય હોય તે પસંદ કરી આગળની વિગતો ભરવાની રહેશે.

➢ જે શિક્ષકને અગ્રતા બદલીનો લાભ મળવાપાત્ર ના હોય ત્યારે સિનીયોરીટી પસંદ કરી અરજી કરવાની રહેશે.

➢ ત્યારબાદ Upload Photograph/Signature વિભાગમાં નીચેની સુચનાઓ ધ્યાને લઇ તમારો તાજેતરનો સ્કેન પાસપોર્ટ ફોટો અને સહી Drag and drop a file here or click કરી ફોટો કે સહી પસંદ કરી અપલોડ બટન પર કલીક કરી અપલોડ કરવાનો રહેશે. અપલોડ થતાં પ્રિવ્યુ ગ્રીન કલરનું બતાવશે.

1. Photo સ્કેન કરીને JPG/JPEG/PNG ફોર્મેટ માં અપલોડ કરવો
2. Photo નું માપ ૫ સે.મી લંબાઈ અને ૩.૬ પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી લંબાઈ અને ૭.૫ પહોળાઇનું હોવું જોઇએ.
3. જો Photo અને Signature ની Size 100 KB થી વધી જાયતો Scanner ના DPI Resolution ના સેટિંગ બદલી ને ફરીથી સ્કેન કરવું
4. Signature માટે સફેદ કાગળ ઉપર કાળી/ બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરી ને JPG/JPEG/PNG ફોરમેટમાં અપલોડ કરો

➢ આ ઉપરાંત જો અગ્રતા આધારિત બદલી મેળવવાની થતી હોય તો વિધવા/વિધુરના કિસ્સામાં પુન લગ્ન કરેલ નથી તે મતલબનું તથા દિવ્યાંગતા,પ્રાથમિક શિક્ષક દંપતિ, સરકારી નોકરી કરતા દંપતિ ,શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી

કરતા કર્મચારીના વિધાસહાયક/શિક્ષક પતિ/પત્નિ તથા વાલ્મિકીના કિસ્સામાં કોઇ પણ પ્રકારની બદલીમાં અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વ ઘોષણા ફોર્મ રજુ કરવાનું રહેશે.

- વિધવા/વિધુરની અગ્રતા મેળવવા માટે પતિ/પત્નિના મૃત્યુનો દાખલો અને વિધવા/વિધુર હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ,દિવ્યાંગતાની અગ્રતા મેળવવા માટે ૪૦ % કે તેથી વધુ દિવ્યાંગતા હોવા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, દંપતિ માટે લગ્ન નોંધણી રજિસ્ટ્રારશ્રીનું પ્રમાણપત્ર, વાલ્મિકી માટે વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર 300 KB માં અપલોડ કરવાનું રહેશે.
- ત્યારબાદ ☑ આથી હું બાહેધરી આપું છું કે મેં તમામ સૂચનાઓ વાંચી છે. બીજુ ☑ આથી હું બાહેધરી આપું છું કે ફોર્મ માં મારી વિગત સાચી છે. જો ચકાસણી દરમ્યાન આ વિગતો ખોટી પુરવાર થશે તો ફોર્મ રદ ગણાશે તથા મને જે પસંદગીની શાળાનો બદલી હુકમ મળેલ હશે તે બદલી રદ ગણાશે તથા મારી સામે જે પણ કાર્યવાહી કરવામાં આવશે તે માન્ય રહેશે. તેની પર કલીક કરવાની રહેશે.
- ત્યારબાદ સેવ અને નેકસ્ટ બટન પર કલીક કરતાં તમારી Teacher Details મેનુની માહિતી સેવ થઇ જશે.ત્યારબાદ School Priority મેનુ પર કલીક કરતાં ડાબી બાજુ School List (School Name - Taluka – Pay Center) માં તમારા વિભાગ / વિષય મુજબની ખાલી જગ્યાઓ બતાવશે, જેમાં શાળાનું નામ, તાલુકો અને પે સેન્ટર શાળાનું નામ બતાવશે. જેની પર કલીક કરતાં તે જમણી બાજુ Selected School List માં ઓટોમેટીક જતી રહેશે.
- Selected School List માં તમે શાળાઓના અગ્રતા ક્રમ બદલી શકશો. તમારી પસંદગી મુજબ શાળાઓને પહેલાં થી છેલ્લાં ક્રમમાં ગોઠવો.
- ત્યારબાદ સેવ સ્કુલ સિલેકશન પર કલીક કરતાં તમારી School Priority મેનુની માહિતી સેવ થઇ જશે.
- ત્યારબાદ ☑ ઉપરોક્ત પસંદ કરેલ જગ્યાઓ પૈકી જે શાળા નો હુકમ મને મળશે તે કોઇ પણ કારણોસર રદ થશે નહિ જેની હું બાહેધરી આપું છું. તેની પર કલીક કરવાની રહેશે.
- ત્યારબાદ બાજુમાં Application Preview મેનુ પર કલીક કરતાં તમે કરેલી અરજીની તમામ વિગતો દર્શાવશે. જેની બરાબર ચકાસણી કરી લો કે તમામ વિગતો સાચી છે કે કેમ? જો ખોટી હોય કે સુધારવી હોય તો Submit for Application Preview પર કલીક કરવું નહીં અને આગળના જે તે મેનુમાં જઇ માહિતીમાં સુધારો કરવો.
- જો કોઇ સુધારો ન હોય તો Submit for Application Preview બટન પર કલીક કરતાં તમારી અરજી Save થઇ જશે, જમણી બાજુ ખુણામાં Application Print બટન પર કલીક કરતાં તમે અરજીની ફોટા અને સહી વગરની વોટરમાર્કવાળી પ્રિન્ટ મેળવી શકશો. જે આપના અભ્યાસ માટે છે. જે અરજી તાલુકા કક્ષાએ રજૂ કરવાની નથી.
- તાઃ ૦૮/૦૬/૨૦૨૩ થી તાઃ- ૧૧/૦૬/૨૦૨૩ દરમ્યાન આપ ઇચ્છો તો આપની અરજીમાં સુધારો કરી શકશો અથવા રદ પણ કરી શકો છો, પરંતુ, અરજદાર શિક્ષક નવેસરથી અરજી કરી શકશે નહી
- તા.૦૮/૦૬/૨૦૨૩ થી ૧૧/૦૬/૨૦૨૩ દરમ્યાન ઉમેદવારે પોતાની અરજી ફરજિયાત પણે ફાઇનલ સબમીટ કરવાની રહેશે. તેના માટે અરજદાર શિક્ષક દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૩ થી ૧૧/૦૬/૨૦૨૩ દરમ્યાન https://dpegujarat.in વેબસાઇટ પર જઇ લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ Application માં કોઇ ફેરફાર કરવો હોય તો તે કરી શકાશે. જો કોઇ ફેરફાર ન હોય તો Application Preview માં જઇ Final Submit બટન પર ક્લીક કરી Application Final Submit કરવાની રહેશે. Application Final Submit કર્યા પછી કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહી. અરજદાર શિક્ષક દ્વારા Final Submit કરેલી અરજી જ માન્ય ગણાશે. જો ઉમેદવાર Final Submit નહી કરે તો કોઇ પણ સંજોગોમાં અરજદાર શિક્ષકની અરજી માન્ય ગણાશે નહી.
- તાઃ- ૦૮/૦૬/૨૦૨૩ થી તાઃ- ૧૧/૦૬/૨૦૨૩ દરમ્યાન અરજી કરનાર તમામ અરજદાર શિક્ષકોએ ઓનલાઇન બદલી પોર્ટલ પરથી **(ફોટો અને સહી સહિતની વોટરમાર્ક વગરની)** પ્રિન્ટ મેળવવાની રહેશે. ત્યારબાદ આ પ્રિન્ટની નકલ તાલુકા કક્ષાએ રજૂ કરવાની રહેશે.

- અરજીની પ્રિન્ટ આઉટ લઇ તેની સાથે નીચે જણાવેલ આધારો જોડી તમારી અરજી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.

## અગ્રતાના કિસ્સામાં ઉપરના લાગુ પડતા દાખલા ઉપરાંત નીચેનામાંથી લાગુ પડતા આધારો અરજી સાથે જોડવાના રહેશે.

(૧) વિધવા/વિધુર

- વિધવા હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (વિધવા માટે)
- વિધુર હોવા અંગેનુ સ્વઘોષણા ફોર્મ (વિધુર માટે)
- પતિ/પત્નીનો મરણનો દાખલો
- રેશનકાર્ડ
- પુન:લગ્ન કરેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- અગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજનથી બદલી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૨) દિવ્યાંગતા

- દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું સીવીલ સર્જનનું પ્રમાણપત્ર
- અગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- મુળશાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજનથી બદલી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૩) પ્રાથમિક શિક્ષક દંપતિ

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે શાળામાં નોકરી કરતાં હોય તેના મુ.શિ.એ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ-૧
- અગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજનથી બદલી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૪) સરકારી નોકરી કરતાં દંપતિ

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ-૧
- પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરી કેન્દ્ર/રાજ્ય સરકાર સ્થાપિત/સંચાલિત હોવા અંગેનો આધાર/પ્રમાણપત્રઅગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૫) અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં દંપતિ

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં હોય તે સંસ્થાના વડાએ નિયત નમુનાનું પરિશિષ્ટ-૧
- પતિ/પત્ની જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં હોય તે સંસ્થા સરકારના જે કાયદા /જાહેરનામાં/ ઠરાવ થી નક્કી કરવામાં આવેલ હોય તેનો આધાર/પ્રમાણપત્ર
- અગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ

- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૬) વાલ્મિકી

- વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર
- અગાઉ કોઇપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા ફોર્મ
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૭) સિનિયોરિટી

- મુળશાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર-મુકતના આધારો)

(૮) મૂળ શાળા પરત ના કિસ્સામાં

- મૂળ શાળાનો ડાયસ કોડ
- મૂળ શાળા વધનો હુકમ